## (1) 'વેઝ એન્ડ મીન્સ એડવાન્સ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સુવિધા દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકાર RBI પાસેથી નાણા ઉધાર લઈ શકે છે.

(2) આ નાણા એક નાણાકીય વર્ષ બાદ પરત કરવાના હોય છે.

(3) આ રકમ પર કોઈ વ્યાજ લાગતું નથી.

(4) આ સુવિધાની શરૂઆત વર્ષ 2014થી કરવામાં આવી હતી.

(A) માત્ર (1)　　(B) માત્ર (1) અને (3)

(C) માત્ર (2), (3) અને (4)　　(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ કોઈ વખત એવી નાણાકીય સ્થિતિ સર્જાય કે જેમાં સરકારની આવક અને ખર્ચ વચ્ચે મોટો તફાવત હોય (અર્થાત્ ખર્ચ વધુ હોય) ત્યારે કેન્દ્ર તથા રાજ્ય સરકાર RBI પાસેથી 'વેઝ એન્ડ મીન્સ એડવાન્સ' હેઠળ નાણાં ઉધાર સ્વરૂપે લે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ RBIના 1934ના અધિનિયમ (કલમ 17(5)) હેઠળ આ નાણાં 3 મહિનાના સમયગાળામાં RBIને પરત આપવાના હોય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સુવિધાની શરૂઆત 1 એપ્રિલ, 1997ના રોજ કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ ઉધાર નાણાં પર રેપોરેટ જેટલું વ્યાજ પણ RBIને ચૂકવવું પડે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તાજેતરમાં COVID-19 તથા લોકડાઉનના કારણે સરકારની આવકમાં ઘટાડો થયો છે તથા ખર્ચમાં વધારો થયો છે. RBI દ્વારા ઉપરોક્ત સુવિધા હેઠળ આપવામાં આવતી લોનની મર્યાદાને વધારવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ' (SDR) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક આંતરરાષ્ટ્રીય મુદ્રા છે.
(2) તેની શરૂઆત વર્ષ 2008-09ની મંદી દરમિયાન થઈ હતી.
(3) તે વર્લ્ડ બેંક દ્વારા બનાવવામાં આવ્યા હતાં.
(4) SDRનું મૂલ્ય વિશ્વની 6 મુખ્ય મુદ્રા સાથે જોડવામાં આવેલું છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ પૈકી એક પણ નહીં

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ SDR એ એક વિશિષ્ટ પ્રકારના આંતરરાષ્ટ્રીય સહાયક રિઝર્વ છે. અને તે કોઈ મુદ્રા નથી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ IMF (ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ) દ્વારા તેમને વ્યાખ્યાયિત કરવામાં આવે છે તથા તેનું નિયમન પણ IMF દ્વારા કરવામાં આવે છે. વર્ષ 1969માં વિશ્વમાં સોના તથા ડોલરની અછત સર્જાતા IMF દ્વારા SDRનું નિર્માણ કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (2) તથા (3) ખોટાં છે.)

⇛ SDRનું મૂલ્ય 5 વૈશ્વિક મુદ્રાઓ સાથે જોડવામાં આવેલું છે. આ પાંચ મુદ્રાઓ : (1) યુ.એસ. ડોલર, (2) યુરો, (3) ચાઈનીઝ રેમીનબી, (4) જાપાનીઝ યેન અને (5) બ્રિટીશ પાઉન્ડ સ્ટર્લિંગ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ IMF દ્વારા વિવિધ દેશોને SDRની વહેંચણી કરવામાં આવે છે અને તેનો ઉપયોગ ખાનગી સંસ્થા દ્વારા કરી શકાતો નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) વિશ્વ વિરાસત દિવસ (વર્લ્ડ હેરિટેજ ડે) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) દર વર્ષે 18 એપ્રિલના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે.
(2) વર્ષ 2020ના આ દિવસની થીમ : 'ગ્રામ્ય વિરાસત' છે.
(3) માત્ર માનવનિર્મિત સ્થળોને જ વિશ્વ વિરાસતના સ્થળની યાદીમાં સમાવી શકાય છે.
(4) વર્ષ 1983માં યુનેસ્કો દ્વારા આ દિવસ ઉજવવાની મંજૂરી આપવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (1) અને (4)
(C) માત્ર (3) અને (4) (D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ દર વર્ષે 18 એપ્રિલના રોજ 'વિશ્વ વિરાસત દિવસ' ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દિવસને **'International Day for Monuments and Sites'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇛ **18** એપ્રિલ **1982**ના રોજ **ICOMOS** નામની સંસ્થા દ્વારા આ દિવસ ઉજવવાની ભલામણ કરવામાં આવી હતી જેને વર્ષ **1983**માં યુનેસ્કોની મંજૂરી મળી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ **ICOMOS**નું પૂરું નામ **'Internationa Council on Monuments and Sites'** છે.

⇛ આ દિવસ ઉજવવાનો હેતુ લોકોમાં વિવિધ સાંસ્કૃતિક વિરાસત વિશે જાગૃતતા કેળવવાનો તથા તેમની સંવેદનશીલતા વિશે જણાવી તેને સલામત રાખવાના પ્રયાસો કરવા માટેની જાગૃતિ ફેલાવવાનો છે.

⇛ વર્ષ **2020**ના આ દિવસની થીમ **'Shared Culture, Shared Heritage and Shared Responsibility'** છે. (આથી, વિધાનસ (2) ખોટું છે.)

⇛ ભારતમાં કુલ **38** વિશ્વ વિરાસત સ્થળો છે જેમાં માનવનિર્મિત તથા કુદરતી એમ બન્ને સ્થળોનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) 'વિજળી (સુધારા) બિલ, 2020' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોમાંથી વિજ ઉત્પાદન વધારવાના પ્રોત્સાહન માટેનું આ બિલ છે.
(2) આ બિલ અંતર્ગત એક 'રાષ્ટ્રીય પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિ' ઘડવાની વાત કરવામાં આવી છે.
(3) આ બિલ મુજબ વિજળીના દર (પાવર ટેરિફ)ને સબસિડી સાથે ગણવામાં આવશે.
(4) આ બિલમાં ડિસ્કોમ (DISCOM)નું ખાનગીકરણ કરવાની વાત પણ કરવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (4) (B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (2), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પાવર મંત્રાલય દ્વારા વિજળી અધિનિયમમાં સુધારા કરી વિજળી (સુધારા) બિલ, 2020 (Electricity (Amendment) Bill, 2020) માટેનો ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યો છે. આ બિલનો મુખ્ય હેતુ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતમાંથી વિજ ઉત્પાદન વધારવાનો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ બિલની મુખ્ય લાક્ષણિકતાઓ :

- ઈલેક્ટ્રીસિટી કોન્ટ્રેક્ટ એન્ફોર્સમેન્ટ ઓથોરિટી બનાવવામાં આવશે.
- રાષ્ટ્રીય પુનઃપ્રાપ્ય ઊર્જા નીતિ લોન્ચ કરાશે. (આથી, વિધાન **(2)** સાચું છે.)
- પેમેન્ટ સિક્યુરિટીને જરૂરી બનાવવામાં આવી.
- ડિસ્કોમ (**DISCOM**)ના ખાનગીકરણની વાત કરવામાં આવી. આ ખાનગીકરણ ફ્રેન્ચાઈઝી તથા પેટા–લાયસન્સના આધારે કરવામાં આવશે. (આથી, વિધાન **(4)** સાચું છે.)
- વિજળી દર (પાવર ટેરિફ)ને સબસિડી વગર નક્કી કરવા. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) 'સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક્સ ઓફ ઈન્ડિયા' (STPI) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) STPIનો મુખ્ય હેતુ સોફ્ટવેરની નિકાસ વધારવાનો છે.
(2) STPIની સ્થાપના વર્ષ 2001માં એક ઓટોનોમસ સોસાયટી તરીકે કરવામાં આવી હતી.
(3) તે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્ય કરે છે.
(4) સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક (STP) નામની યોજનાનું અમલીકરણ STPI દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ભારત સરકારે વર્ષ 1991માં STPIની સ્થાપના ઓટોનોમસ સોસાયટી તરીકે કરી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ સંસ્થા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ સંસ્થાની સ્થાપના ભારતમાંથી સોફ્ટવેરની નિકાસને પ્રોત્સાહન આપવાના મુખ્ય હેતુથી કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ STPI મુખ્યત્વે નાના અને મધ્યમ ઉદ્યોગો તથા સ્ટાર્ટ અપ એકમો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

⇛ ઈનફોર્મેશન ટેક્નોલોજીના પ્રોત્સાહન માટેની 2 યોજનાઓ (i) STP અને (ii) EHTPનું અમલીકરણ STPI દ્વારા કરવામાં આવી રહ્યું છે. STPનું પૂરું નામ સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક છે તથા EHTPનું પૂરું નામ ઈલેક્ટ્રોનિક્સ હાર્ડવેર ટેક્નોલોજી પાર્ક છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તાજેતરમાં ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે STPI હેઠળ આવતા નાના કદના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એકમોનું ચાર મહિનાનું ભાડું માફ કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT